# .જનાબ ગુલામમોહંમદ ઈસ્માઈલ ભુતાવાલા.



A REAL HERO OF TANKARIA.

ટંકારીઆ ગામ તેમજ હાઈસ્કુલને આદર્શ નમુનો બનાવનાર તેમજ પ્રગતિને પંથે લઈ જનાર ગામના એક માત્ર લોકલાડીલા નેતા મર્હુમ જનાબ ગુલામભાઈ ઈસ્માઈલ ભુતા સાહેબ.

ચેરમેનશ્રી.૧૯૭૫-૧૯૭૯

ગામ ટંકારીઆની એક નામાંકિત વ્યક્તિ હતા. ગામમાં જે ઘણા વરસો થી નહોતુ થઈ શકેલું અને ગામ ની પ્રજા જે વસ્તુઓને સ્વપ્નના રૂપમાં જોતી આવેલી તે સિધ્ધિઓને પાર પાડવા માટે જનાબ ગુલામભાઈ ઈસ્માઈલ ભુતાને અલ્લાહતઆલાએ ગામ ટંકારીઆ માં જન્મ આપ્યો.ખુબજ નાની વયે ગામ ની નેતાગીરી હાથમાં લઈ ગામનાં નાનામોટા સૌને સાથે લઈને ગામમાં એક નવો પ્રાણ સિંચ્યો.પહેલું કામ ગામની મોટી જરુરત ,ગામને જોડતો ભરૂચ થી પાલેજ સુધીનો પાકો ડામર રોડ.જે કામ ખુબજ હિંમત થી જીલ્લાપંચાયત ભરૂચ સામે આંદોલન કરીને બનાવ્યો.તેજ દિવસોથી ગામનો પ્રગતિનો દોર શરૂ થયો.ગામના લોકોને ચોમાસામાં જવા આવ્વાની સગવડ મળી.

ગામની પ્રજાનો અદભૂત સહકાર મળતાંજ ગામ આખામાં જીલ્લા પંચાયત ની માલિકિના કાળા અને પીળા ગ્રેવલ દરેક સ્ટ્રિટમાં પથરાવ્યા,ગામમાંથી કાયમને માટે કાદવકિચડને જાકરો આપ્યો.ગામનાં કબ્રસ્તાનો,શાળાઓની ત્થા ગામની સફાઈનુ ધ્યાન રખાવ્યું. ગામના તમામ ભાગોની મદદ લઈને ગામના દરેક વિજળીના થાંભલાઓ ઉપર ટયુબલાઈટો નંખાવીને ગામની શોભાને ચાર ચાંદ લગાવ્યા.

ટંકારીઆ હાઈસ્કુલ ના ચેરમેન બન્યા,હાઈસ્કુલને ખુબ ટુંકા સમયમાં એક આદર્શ નમુનો બનાવીને દેખાડ્યો.તેમના સમય માં ધોરણ ૧૨ સાયન્સનો પ્રવાહ પણ ચાલ્યો હતો. તેમના સમયે શાળાનો વહિવટ ખુબજ સુંદર રીતે ચાલ્યો.શાળાનુ એસ.એસ.સી.નુ પરિણામ ઉંચી ટકાવારીએ પહોંચ્યુ.તેમની જાતિય દેખરેખ રંગ રાખી ગઈ.

તેમની ઝંખના હતી કે મારુ ગામ એક આદર્શ ગામ બની રહે. ખેલકુદમાં પણ ગામને ખુબ ખિલવ્યું હતું, તેઓ એક સારા ક્રિકેટર હતા,ફેમસ ક્રિકેટ ટીમના ઓપનિંગ બેટ્સમેન અને સારા વિકેટકિપર હતા.તેમના સમયે ખુબ સારી મેચો રમાતી હતી,રવિવારનો દિવસ ક્યારે આવે તેની ગામ લોકો રાહ જોતા.વોલીબોલના શોખીન હતા,ગામના યુવાનો ને કસરત માટે પ્રોત્સાહિત કરતા.

ગામની ખુબ સેવા કરનાર જનાબ ગુલામભાઈ ની જરૂરત આજે પણ ટંકારીઆ ગામ મેહસુસ કરી રહ્યું છે.આજે પણ પ્રેરણા રૂપ છે.કોંગ્રેસ પાર્ટીના આગેવાન કાર્યકર હતા,આજુબાજુના દરેક ગામોના લોકો તેમને માનની નજરથી જોતા હતા.ગામનાજ નહિં પણ જીલ્લાના આગેવાન કહેવાયા. ટુંકી માંદગી બાદ અલ્લાહની રેહમતે પહોંચ્યા. અલ્લાહપાક જનાબ ગુલામભાઈને જન્નતુલફિર્દૌશમા ઉંચી જગા આપે અને બાલ બાલ મગફિરત ફરમાવે.આમિન